## ડાયરેક્ટ ❤ સે

સમજાતી નથી
જિંદગીની રીત
એક બાજુ કહે છે કે
ધીરજનાં ફળ મીઠાં હોય
અને બીજી બાજુ
કહે છે કે
સમય કોઈની રાહ જોતો નથી

## જન્મદિને વધામણી



કાલુભાઈ એમ દેસાઈ
એડવોકેટ
મો. ૯૮૭૯૪ ૭૧૦૩૭



કિશનભાઈ રાવત
મો. ૯૮૨૪૬ ૫૫૫૧૧

# માણેકબા ડીએલએડ કૉલેજની વિદ્યાર્થિનીઓ અભ્યાસમાં ઝળકી



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના અડાલજ ખાતેની માણેકબા ડીએલએડ કોલેજની ૧૨ વિદ્યાર્થિનીઓએ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલી બીજા વર્ષની પરીક્ષામાં જિલ્લાના ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

સંસ્થાની વિદ્યાર્થિની અસ્મિતા ભરતભાઈ ત્રિવેદી, દૃષ્ટિ કલ્પેશભાઈ રાવલ, અંકિતા લીલાભાઈ વાઘેશ્વરી, કિંજલ લાખાભાઈ પલાસ, અર્પિતા હર્ષદકુમાર સૈજા, નિધિ માલાભાઈ મેર, માયા સાદુલભાઈ ડાભી, વિનલ રામજીભાઈ પરમાર, કૈલાસ રણજિતસિંહ ચૌહાણ, નિકિતા મોતીભાઈ દેસાઈ, આશા સુરસિંહ ગરાસિયા અને પાયલબેન પ્રવીણભાઈ ઓગણિયાએ આ ગૌરવ સંસ્થાને અપાવ્યું છે.

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા એપ્રિલ, ૨૦૧૮માં લેવામાં આવેલી પરીક્ષાનું પરિણામ ઓનલાઈન જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર રાજ્યનું પરિમામ ૯૩.૭૬ ટકા આવ્યું છે. માણેકબા ડીએલએડ કોલેજનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે.

### શ્રીમતી આર જી પટેલ અને શેઠ સી ઍમ પટેલ સ્કૂલ ખાતે

# મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ



ગાંધીનગર શહેરી વિસ્તારની શાળાઓ અંતર્ગત શ્રીમતી આર જી પટેલ અને શેઠ સી ઍમ પટેલ વિદ્યાલય ખાતે ધોરણ ૧, ૯ અને આંગણવાડીનાં બાળકોનો પ્રવેશોત્સવ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આંગણવાડીનાં બાળકોને આ પ્રસંગે રમકડાં, દફતર, ધોરણ-૧નાં વિદ્યાર્થીઓને પુસ્તકો અને ધોરણ-૯ના વિદ્યાર્થીઓને પણ પાઠ્યપુસ્તકો મુખ્યમંત્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ શાળામાં અભ્યાસ કરનારા અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓનું સન્માન મુખ્યમંત્રીના હસ્તે ક રવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ધોરણ-૧૧ સાયન્સની વિદ્યાર્થિની નિકિતા દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ આચાર્ય સુધાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા અમર ઉપેન્દ્ર ત્રિવેદી કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૪

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવા, ગાંધીનગર દ્વારા 'અમર ઉપેન્દ્ર ત્રિવેદી' શિર્ષક હેઠળ ગુજરાતી ગીતોનો સુંદર કાર્યક્રમ ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગુજરાતના લોકમુખે ગુંજતા અને ગુજરાતી ફિલ્મોમાં રહ્યા ત્યાં સુધી અભિનયનાં અજવાળાં પાથરી લોક હૃદયમાં વસી ચૂકેલા પદ્મ વિભૂષિત કલાકાર સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીના યાદગાર ગીતોની વણઝાર જમાવવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના આદરણીય મોભી સ્વ. કુંવરદાદાને શ્રદ્ધાંજલી અર્પવામાં આવી હતી. ત્યારબાદ ૧૨૫થી વધુ વખત રક્તદાન કરનારા સંસ્થાના ટ્રસ્ટી નિલેન્દુ વોરા, શશીકાન્ત મોઢા, ભરત કવિ, રવીન્દ્રભાઈ દવેને કાર્યક્રમના આયોજક લક્ષ્મણ કંસારા, ચેતન ભટ્ટ, ભૂપેન્દ્ર ગજ્જર, મુકેશ કાલાવડીયા, જી પી પટેલ દ્વારા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઉપેન્દ્ર ત્રિવેદી અભિનિત ચલચિત્રોનાં ગીતોનો રસથાળ ગુજરાતનાં ખ્યાતિપ્રાપ્ત કલાકાર વર્ષા કુલકર્ણી (ખુશ્બુ ગુજરાત કી ફેઈમ), શ્યામ ગઢવી, દિવ્યાંગ અંજારિયા દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. સંગીત મયુર દવે દ્વારા આપવામાં આવ્યું હતું અને ઉદ્ઘોષક તરીકેની ભૂમિકા હરદ્વાર ગોસ્વામી દ્વારા નિભાવવામાં આવી હતી. ડૉ. પ્રદીપ ગગલાણી અને હેમરાજભાઈ પાડલીયાના સહયોગથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેન્દ્ર મંડિર દ્વારા કરવામાં આવ્યું હતું.

# બોરીજની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

બોરીજ પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પાણી પૂરવઠા વિભાગના સચિવ જે પી ગુપ્તા, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કમલેશ ગોસ્વામી, સીઆરસી માનસિંગભાઈ અને નગરસેવક લલિતાબેન, ઍસઍમસી સભ્યો, ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિઓના હસ્તે આંગણવાડી અને ધોરણ-૧નાં બાળકોને શિક્ષણસહાય કિટ અર્પણ કરવામાં આવી હતી અને ટ્રાન્સપૉર્ટેશનની શરૂઆત પણ કરાવવામાં આવી હતી.

# તક્ષશિલા વિદ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૪

તક્ષશિલા વિદ્યાલય બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક વિદ્યાલયનો પ્રવેશોત્સવ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બારડ સાહેબના માર્ગદર્શન હેઠળ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. સૅક્ટર-૧૩/૧ અને ૧૩/૨ આંગણવાડીનો સમાવેશ પણ આ ઉજવણીમાં કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના અન્ન અને પૂરવઠા વિભાગનાં સચિવ સંગીતાસિંગ ઉપસ્થિત રહ્યાં હતાં. જિલ્લા શિક્ષણ તાલીમ ભવનનાં ઊર્મિલાબેન પંચાલ, સરદારસિંગ પટેલિયા, ગાંધીનગર ભાજપ આઈટીના કન્વીનર ગૌરાંગભાઈ વ્યાસ, ભાજપ મહિલા મોરચા સેલના મંત્રી ભાવનાબેન પાઠક પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો અને આંગણવાડીનાં બાળકોને રમકડાં, સુખડી, સ્કૂલ બેગની ભેટ ધરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે યોગ તથા બેટી બચાવો, જળ એ જ જીવન, વૃક્ષારોપણનું મહત્ત્વ વિષયે વક્તવ્યો આપ્યાં હતાં. તક્ષશિલા વિદ્યાલયના સંચાલક રાજેશભાઈ દવેએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કેતનભાઈ દવે, કોકિલાબેન વ્યાસ, બકુલાબેન ઠાકર, મમતાબેન દવે, ભરતભાઈ પ્રજાપતિએ જહેમત ઊઠાવી હતી. આચાર્ય અરૂણાબેન નાયક, ધર્મિષ્ઠાબેન પટેલ અને જૂનાગઢ પુલકિત હાઈસ્કૂલના જેતમાલસિંહ સિસોદીયાનું માર્ગદર્શન કાર્યક્રમ માટે સાંપડ્યું હતું.

# બાળકને દત્તક લેવાની પ્રક્રિયામાં હવે જિલ્લા મેજિસ્ટ્રેટને ફાઈનલ ઓથોરિટી

ગાંધીનગર, તા. ૨૪

હવે દેશમાં બાળકોને દત્તક લેવાની પ્રક્રિયા ઝડપી બનશે અને ફાઈનલ ઓથોરિટી જિલ્લા મેજિસ્ટ્રેટ જ ગણાશે તેવો નિર્ણય લેવાયો છે. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજના નેતૃત્વ હેઠળની આંતર મંત્રીઓની પેનલ દ્વારા આ પ્રકારની દરખાસ્ત પર તાજેતરમાં મંજૂરીની મહોર મારી દેવાઈ હતી.

હવે જિલ્લા મેજિસ્ટ્રેટો જ ફાઈનલ ઓથોરિટી ગણાશે અને બાળકને દત્તક લેવાની પ્રક્રિયામાં એમનો રોલ જ મહત્વનો રહેશે. અત્યારે દત્તક લેવા માગતા દંપતીએ સિવિલ કોર્ટ જવું પડે છે. સિવિલ કોર્ટોમાં આવા કેસનો ભરાવો છે અને ઘણા લાંબા સમય સુધી દંપતીએ વાટ જોવી પડે છે ત્યારબાદ જ એમને બાળક દત્તક મળે છે. દંપતીએ સિવિલ કોર્ટ અથવા ફેમિલી કોર્ટમાં ફાઈનલ વિધિ માટે જવું પડે છે તે સિસ્ટમ સમા થઈ જશે અને હવે જિલ્લા મેજિસ્ટ્રેટ જ ફાઈલ કલીયર કરશે.

મંત્રાલયોએ આ સુધારાની દરખાસ્ત કેબિનેટ સમક્ષ મોકલી હતી અને તેને મંજૂરી આપી દેવાઈ છે. સેન્ટ્રલ એડોપ્શન રિસર્ચ ઓથોરિટી નામની બોડી બાળકને દત્તક લેવાના કેસોની સમીક્ષા કરે છે અને નિયમનની ખરાઈ કરે છે.

# સૅ.૫ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

સૅક્ટર-૫ યંગ અને ઓલ્ડ ગૃપ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. જીટીઍસના નિવૃત્તિ અધિકારી સુરેન્દ્રસિંહ વાઘેલાના માર્ગદર્શનમાં મોટી સંખ્યામાં નાગરિકોએ યોગનાં આસનો કર્યાં હતાં.

આ પ્રસંગે વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા તથા નાગરિક અગ્રણી સુરેન્દ્રસિંહ વાઘેલા, આર જી દવે, નટુભાઈ પટેલ, સાગરદાન ગઢવી, મહેન્દ્રભાઈ વાળંદ, નરેશ પરમાર, પ્રિતેશ વ્યાસ, મુળસિંહ ચાવડા, દશરથભાઈ પટેલ, મહેશ પટેલ, લક્ષ્મણસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

# નગરના યુવા કલાકારો દ્વારા 'વર્લ્ડ મ્યુઝિક ડે' ઉજવાયો



વિશ્વ યોગ દિવસની વ્યસ્તતા વચ્ચે પણ ઍની ટાઈમ મસ્તી (એટીઍમ) સંસ્થા દ્વારા વર્લ્ડ મ્યુઝીક ડેની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવી હતી. ઘ-૪ નજીક સ્વર્ણિમ પાર્ક ખાતે આ ઉજવણીમાં સંગીતના ચાહક નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા. શહેરના યુવા કલાકારોએ સંગીતની સુરાવલિઓ વહાવી સંગીત દિવસની સાંજને સુરીલી બનાવી હતી અને સંસ્થાના સ્થાપક સ્વ. સૅમ્યુલ ક્રિશ્ચિયનને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

# સૅશેલ્સ ગણરાજ્યના રાષ્ટ્રપતિ દ્વારા ફૉરેન્સિક સાયન્સ યુનિ.ની મુલાકાત




## રાષ્ટ્રપતિએ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો તેઓ યુનિવર્સિટીની વિવિધ સુવિધાઓથી પ્રભાવિત થયા

સૅશેલ્સ ગણરાજ્યના રાષ્ટ્રપતિ ડૅની એન્ટોઈન રોલેન ફૌરેએ વિશ્વની એકમાત્ર એવી ગુજરાત ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગરની મુલાકાત લીધી હતી. યુનિવર્સિટીના મહા નિયામક ડૉ. જે એમ વ્યાસે રાષ્ટ્રપતિને આવકાર્યા હતા અને તેમને યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓથી અવગત કરાવ્યા હતા. આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ એસ ડાગુર, એસીબીના વિશેષ નિયામક કેશવ કુમાર ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રપતિએ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો અને તેઓ યુનિવર્સિટીની વિવિધ સુવિધાઓથી પ્રભાવિત થયા હતા.

# પિકનિક સાથે સ્વાસ્થ્યની ભેટ એટલે અમારી સાઈકલયાત્રા





## દર રવિવારે યોજાતી આ પ્રવૃત્તિમાં વડીલો, મહિલાઓ, બાળકો થઈ ૧૫ જેટલા સાઈકલયાત્રીઓ જોડાય છે અને તેઓ વીસથી પચીસ કિમી સાઈકલ ચલાવે છે



વાત-વાતમાં
કુંતલ નિમાવત

'રજાના દિવસે માત્ર પિકનીક જ નહીં, પરંતુ સ્વાસ્થ્યનો હેતુ પણ સરે એ માટે આ પ્રવૃત્તિ અમે શરૂ કરી છે અને જાળવી પણ રાખી છે.'

આ શબ્દો છે હરેન્દ્રસિંહ જાધવના, જેઓ ગાંધીનગર સાઈકલયાત્રાના કર્તાહર્તા છે. ગાંધીનગરની હૉટલ પ્રૅસિડેન્ટના માલિક એવા હરેન્દ્રસિંહના જણાવ્યાનુસાર આ નિયમિત સાઈકલયાત્રાની શરૂઆત માર્ચ, ૨૦૧૮માં સાત બાળકો દ્વારા કરવામાં આવી હતી. સવારે ૬.૧૫ કલાકે ઘ-૬થી આ બાળકો સાઈકલ લઈને નીકળ્યા અને ડભોડા પહોંચ્યાં હતાં. પ્રથમ સાઈકલ યાત્રામાં શકુંતલાબેન જાધવ અને હેતલબા ચાવડા કાર લઈને તેમની સાથે ગયા હતા પણ પછી આ પ્રવૃત્તિ સારી લાગતાં વડીલો પણ બાળકો સાથે જોડાતા ગયા અને આમ આ યાત્રામાં યાત્રીઓની સંખ્યા વધતી ચાલી.

આજે દર રવિવારે યોજાતી આ પ્રવૃત્તિમાં વડીલો, બાળકો થઈ ૧૫ જેટલા સાઈકલયાત્રીઓ જોડાય છે અને તેઓ વીસથી પચીસ કિમી સાઈકલ ચલાવે છે.

હરેન્દ્રસિંહ જાધવ ઉપરાંત તેમની દીકરી ઈશિતા, દીકરો જયરાજસિંહ, નરેન્દ્રસિંહ ચાવડા, સ્નેહલ ચાવડા, દિવ્યરાજસિંહ, સિદ્ધરાજસિંહ ગોહિલ, હિતેષી સોઢા, જય ઝાલા, નરેન્દ્રસિંહ ભાટી, આકાશ ભાટી, સ્વીટુભાઈ મોદી, શિવમ મોદી, ભૂમિ મોદી, મંથન સંઘવી, નિખિલ સંઘવી, પ્રશાંત આચાર્ય, ચિરાગ વ્યાસ અને તનીષા ચિરાગ વ્યાસ આ સાઈકલ યાત્રાના નિયમિત યાત્રીઓ છે.

આ યાત્રીઓએ વાસણિયા મહાદેવ, અડાલજ ત્રિમંદિર, શનિ મંદિર, અડાલજ વાવ, ગિફ્ટ સિટી, ગિયોડ, ધોળેશ્વર, પાલજ ઉપરાંત ગાંધીનગર શહેરની પરિક્રમા પણ પોતાની નિયમિત યાત્રા દરમિયાન કરી છે.

ઉલ્લેખનીય છે કે હરેન્દ્રસિંહ જાધવ અને નરેન્દ્રસિંહ ચાવડા બંને મિત્રોએ ૧૬ વર્ષની વયે ૧૯૮૫માં ગાંધીનગર યુથ હૉસ્ટેલથી દિલ્હી સુધીની સાઈકલ યાત્રા ૨૦૦ યુવાનો સાથે મળીને ૧૦ દિવસમાં પૂર્ણ કરી હતી. એમનો સાઈકલ પ્રેમ આજેય એટલો જ જીવંત છે. તેઓ દરરોજ ૪ કિમી અને સપ્તાહમાં બે વખત ૧૦ કિમી જેટલી સાઈકલ ચલાવે છે અને હવે નવી પેઢીને પણ સાઈકલ ચલાવવા માટે પ્રોત્સાહિત કરે છે, જેમાં આ સાઈકલ યાત્રા ઉપયોગી સાબિત થઈ રહી છે. સ્વાસ્થ્યની જાળવણી, પિકનીક અને મિત્રો, સ્નેહીઓ સાથે નિયમિત સંપર્ક જાળવી રાખીને સ્નેહના નાતાને વધુ મજબૂત બનાવતી આ સાઈકલયાત્રા હવે આ પરિવારોનાં જીવનમાં નિયમિતતા રૂપે વણાઈ ગઈ છે.

### સાઈકલયાત્રા નહીં તો પદયાત્રા

દર રવિવારે નિયમિત સાઈકલ ચલાવવાના ક્રમમાં એક વખત બાળકો મામાને ઘેર ગામડે હતાં. ત્યાં સાઈકલ્સ મળી શકે એમ નહોતી, તો શું કરવું એ વિચાર કર્યો અને પછી નિર્ણય કર્યો કે સાઈકલ યાત્રા નહીં તો પદયાત્રા કરવી. અને બાળકો માણેકપુરથી મહુડી સુધી ૧૮ કિમીની પદયાત્રા કરી આવ્યા. આમ, ફરવા સાથે સ્વાસ્થ્યનો આ ક્રમ તેમણે અસાધારણ પરિસ્થિતિમાં પણ જાળવી રાખ્યો હતો.